# હેન્સ

– ગિજુભાઈ બધેકા

ફૂલો ને લીલોતરીનાં ખેતરો પડયાં હતાં. પતંગિયાં ને ભમરા ઊડતાં હતાં. કોઈ વાર ચકલી બોલતી હતી. કોઈ વાર ચંડોળ બોલતું હતું. કોઈ વાર બુલબુલ બોલતું હતું. ને કોઈ વાર તમરું તમતમતું હતું.

ગામ ઘણે દૂર હતું. માણસો બધા ઘેર હતા. સીમ આખી એકલી હતી. ત્યાં કોઈ નહોતું. બે ભાઈઓ રમતા હતા. એકનું નામ હેન્સ અને બીજાનું નામ નથી આવડતું.

એક તરફ ગામ ને બીજી તરફ દરિયો. વચ્ચે મોટો બંધ, એવો તો જાડો બંધ કે એની ઉપર ગાડાં ચાલે. બંધ જરાક તૂટે તો થઈ રહ્યું, ચારે કોર પાણી પાણી ફરી વળે ! એકે જીવ જીવે નહિ.

''એલા હેન્સ ! જો તો ખરો – આ નાનકડું કાણું શેનું ? અહીં તો બડબડિયાં બોલે છે !''

''કાણું ! કયાં છે ? બતાવ જોઈએ.''

''આ રહ્યું – જરા જરા પાણી ગળે છે.''

''હાય હાય ! આ તો બંધમાં કાણું પડયું છે ! હવે શું કરશું ?''

હેન્સે ચારે તરફ જોયું. દૂર દૂર નજર કરી પણ કોઈ ન મળે. કાણા તરફ જોયું – પાણીનાં ટીપાં પડતાં હતાં. ફરી વાર ચોમેર આંખ ફેરવી પણ કોઈ દેખાયું નહિ. કાણા સામે જોયું, તો જરા મોટું થયેલું. હળવે હળવે પાણી ગળતું હતું.

ગામમાં જઈને ખબર કરે તો ? પણ ત્યાં તો ગાબડું પડે. પછી તો સાંધ્યુંયે ન સંધાય. ઘડીકમાં દરિયો ફરી વળે ને ગામ આખું રસાતાળ જાય !....ત્યારે ?

હેન્સે ચારે કોર જોયું, કાણા તરફ જોયું, ઊંચે જોયું, નીચે જોયું – ઊંડે અંતરમાં જોયું.

''એલા ભાઈ ! જા, દોડદોડ, ગજબ થશે ! જઈને બાપુને કહે કે બંધમાં કાણું પડયું છે. જોજે – ક્યાંય ઊભો રહ્યો તો ! કહેજે કે હેન્સ કાણામાં આંગળી ખોસીને ઊભો છે. જીવ જશે, પણ આંગળી નહિ કાઢે !''

નાનકડો ઊપડયો. જાણે પવનનો ઘોડો. એ ગયો, એ ગયો ! કયાંયનો ક્યાંય નીકળી ગયો. દેખાતોય બંધ થઈ ગયો.

દરિયો ઘૂઘવે છે, પ્રલયની વાતો કરે છે, પથ્થર પર લથડાઈ પછડાઈને પાછો વળે છે. પાસે પાસે આવતો જાય છે. હેન્સ કહે, ''આંગળી તૂટી જાય તો યે શું ? બહાર કાઢું તો તો થઈ રહ્યું ! ઘડીકમાં આખું ગામ તણાઈ જાય ને ?''



આંગળી બેરી થઈ ગઈ. હાથ ઠરવા લાગ્યો. હેન્સે હાથને બીજે હાથે ઘસ્યો, પણ શું વળે ? હાથ બેરો ખોડ થઈ ગયો હતો. હેન્સે ચારે બાજુ જોયું. ''આવે છે કોઈ માઈનો પૂત ? આવે છે કોઈ માનવીની જાત ?'' પણ નિરાશ !

હાથ તો તૂટું તૂટું થઈ રહ્યો હતો. કાંડું તો જાણે હિમ થઈ ગયું ! ઘડીકમાં તો કોણી પણ ! ઠંડી એવી તો પડી કે વાત કરો મા. પણ હેન્સ આંગળી શાનો કાઢે ? એ તો ખોસી તે ખોસી.

પણ ત્યાં તો ખભામાં ને વાંસામાં સડાકેસડાકા ! ઊભે વાંસે શૂળ નીકળ્યું. હેન્સે ચારેય દિશાએ આંખ ફેરવી – કોઈ ન મળે. ''અરે ! આટલી બધી વાર ?''

એટલું સખત શૂળ કે રહ્યું ન જાય. હેન્સે માથું બંધ ઉપર ટેકવ્યું. કાન બંધને અડયા. દરિયાનું ભીષણ વચન સંભળાયું : ''છોકરા ! સમજ, સમજ, આંગળી કાઢી લે ! જાણતો નથી – હું મહાન રાજા છું ? મારી સામે થનાર તું કોણ ? મને રોકનાર તું ક્યાંનો ?''

હેન્સનું હૃદય ધ્રૂજી ઊઠ્યું : ''અરે, હજી નહિ ?''

દરિયાની ભયંકર વાણી જાણે ફરી વાર સંભળાઈ : ''નાસી છૂટ, નાસી છૂટ, નાસી છૂટ, તારું મોત આવ્યું, છોકરા ! તારું મોત આવ્યું. ઊભો રહે, આ આવ્યો છું, આ આવ્યો છું !''

હેન્સને હૈયે હામ ન રહી : ''આંગળી કાઢી લઉં ? નાસી જાઉં ? ઊગરું ?''

વળી વિચાર થયો : ''નહિ, એમ કદી નહિ બને. આંગળી તો શું – પણ જીવ જાય તોય શું ? ચાલ, આવી જા, હેન્સ અડગ છે; થાય તે કરી લે !''

હેન્સે દાંત પીસ્યા. આંગળી કાણામાં જોરથી દબાવી......

‘‘એ....પણે માણસો દેખાય ! એ...નજીક પહોંચ્યા....આ આવ્યા. હાશ !’’

‘‘શાબાસ હેન્સ ! શાબાસ હેન્સ ! ફિકર નહિ – અમે આવી પહોંચ્યા છીએ.’’

પાવડા ને કોદાળીઓ લઈને ટોળું મંડી પડયું – એક ક્ષણ, ને કાણું બરાબર.

હેન્સનો વરઘોડો કાઢયો. ચારે બાજુ સિપાઈઓની હાર, ને વચમાં હેન્સ. એક મોટા સિપાઈના ખભા ઉપર હેન્સ બેઠો હતો. લોકો બોલતા હતા : ‘‘શાબાસ હેન્સ ! શાબાસ હેન્સ !’’

■